
## વડીલોને વંદન અભિનંદન



એમ.જી.ચૌહાણ
(૧૯૩૮)મો.૯૪૨૮૦૪૯૫૬૦

## ધો. ૯ પ્રખરતા શોધ કસોટીનું પરિણામ મેળવી લેવા સૂચના

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-૨૦૧૪માં લેવાયેલી ધોરણ : ૯ની પ્રખરતા શોધ કસોટીનું પરિણામ રાજ્યની તમામ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે મોકલી દેવામાં આવેલુ છે. આ કસોટીમાં ભાગ લીધેલી શાળાઓએ અધિકારપત્ર સાથે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએથી પરિણામ મેળવી લેવા શિક્ષણ બોર્ડના સચિવ એમ.આઈ. જોષીએ જણાવ્યું છે.

## ધોરણ ૧૦ વિદ્યાર્થીનીએ આપઘાત કરતા ચકચાર

અમદાવાદ, તા.૧૬

અમદાવાદના વટવા વિસ્તારમાં એક વિદ્યાર્થીનીએ બોર્ડની પરીક્ષામાં નાપાસ થવાના ડરથી આપઘાત કરી લીધો હોવાની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી છે. મળતી માહિતી મુજબ વટવાની શિવમ પાર્ક સોસાયટીમાં રહેતી શીતલ વર્મા નામની ૧૫ વર્ષની કિશોરી સીતા-સૌરભી સ્કુલમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતી હતી. શીતલે તાજેતરમાં જ લેવાયેલ ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા આપી હતી. શીતલના પરીવારજનોના જણાવ્યા મુજબ પરીક્ષા બાદ શીતલ પોતાના પેપરો સારા નથી ગયા હોવાનું કહીને સતત ગુમસુમ રહેતી હતી ત્યારે શીતલે આજે પોતાના ઘરે દુપટ્ટા વડે ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. વાલીઓના મતે પરીક્ષામાં નાપાસ થવાના ડરથી શીતલે આપઘાત કરી લીધો ત્યારે બીજી બાજુ વટવા પોલીસે આત્મહત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બોર્ડની પરીક્ષામાં નાપાસ થવાના ડરથી આત્મહત્યાનો ચાલુ વર્ષે આ ત્રીજો બનાવ સામે આવ્યો છે ત્યારે ભાર વીનાના ભણતરની વાતો કરતા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે શિક્ષણ પદ્ધતિ વિશે ફરીથી વિચાર કરવો પડે તેવી સ્થિતિ ઉત્પન્ન થઈ છે.





બનાસકાંઠા લોકસભાના ભાજપના ઉમેદવાર હરીભાઈ ચૌધરીના સમર્થનમાં ચૂંટણી પ્રચાર અર્થે આવેલા રાજ્યના મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલે મહિલા સંમેલનમાં હાજરી આપ્યા બાદ રોડ - શો યોજ્યો હતો. શહેરના ઈદગાહ રોડ પરથી યોજાયેલા રોડ-શોમાં ખુલ્લી જીપમાં આનંદીબેન પટેલ સહિતના ભાજપ અગ્રણીઓએ શહેરના વિવિધ રાજમાર્ગો પર ફરી ગુરુનાનક ચોક ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેઓએ પાલનપુર શહેરના ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ રોડ - શોમાં પણ કેજરીવાલ ઈફેક્ટને પગલે ભાજપી કાર્યકરો પણ કેસરી ટોપી પહેરી જોડાયા હતા. જોકે, આનંદીબેન પટેલના કાર્યક્રમોમાં રહેલી પાંખી હાજરીને પગલે અકળાઈ ઉઠેલા મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલે નારાજગી વ્યક્ત કરી સ્થાનિક આગેવાનોને આડે હાથ લીધા હતા. તેઓએ નરેન્દ્રભાઈ મોદીને વડાપ્રધાન બનાવવામાં કોઈ કચાશ ન રહી જાય તેવી માર્મિક ટકોર સાથે મહિલા મોરચા સહિત પક્ષના તમામ કાર્યકરોને કમર કસવા અનુરોધ કર્યો હતો.
(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## મોદી પ્રજાને ગેરમાર્ગે દોરી રહ્યા છે : પટેલ

અમદાવાદ, તા.૧૬

મહેસાણા લોકસભા કોંગ્રેસ પક્ષના લોકપ્રિય ઉમેદવાર જીવાભાઈ પટેલના સમર્થનમાં માણસા ખાતે જાહેર સભાને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ સિદ્ધાર્થ પટેલે જણાવ્યું હતું કે, ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર તેમની હંમેશની આદત મુજબ જેમ જેમ ચૂંટણી નજીક આવતી જાય છે. નીતનવા જુઠ્ઠાણાઓ ઉપજાવી કાઢી રહ્યા છે અને દેશની પ્રજાને ગેરમાર્ગે દોરી રહ્યા છે.

તેમના આ હવાતિયા ભર્યા પ્રયાસોમાં વડાપ્રધાન પદ હાંસલ કરકવાની તેમની અધીરઈ અને સત્તાલાલસા છતી થાય છે. તેમના પોતાના જ પક્ષમાં વરિષ્ઠ નેતાઓની જે રીતે અવહેલના છે તે બાબત તેમની માનસિકતા દર્શાવે છે. તેમની આ માનસિકતા વડાપ્રધાન પદ તો નહીં પરંતુ કોઈપણ બંધારણીય હોદ્દાને શોભે તેવા નથી.

# રાજ્યમાં ૪૭,૯૦૦ પરવાનો ધરાવતા હથિયારો જમા

ગાંધીનગર, તા. ૧૬

આગામી લોકસભાની ચૂંટણીઓ-૨૦૧૪ મુક્ત અને ન્યાયી તથા પારદર્શક વાતાવરણમાં શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાનાં સંદર્ભમાં અસરકારક આગોતરા પગલાં લેવામાં આવ્યા છે. પરવાનો ધરાવતાં ૪૭,૯૦૦ જેટલા હથિયારો પોલીસ સ્ટેશનમાં જમા કરાવાયા છે. જમા કરાવાયેલા હથિયારો પૈકી સૌથી વધુ પરવાનો ધરાવતાં ૫,૫૯૫ હથિયારો અમદાવાદ જિલ્લામાં જમા લેવામાં આવ્યા છે, જ્યારે ડાંગ જિલ્લામાં પરવાના ધરાવતાં સૌથી ઓછા ૩૧૩ હથિયારો જમા લેવામાં આવ્યા છે, એમ ગુજરાત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

ચૂંટણી દરમિયાન શાંતિ અને સલામતી વ્યવસ્થા જળવાઈ રહે અને મતદારો પારદર્શક વાતાવરણમાં નિર્ભયતાપૂર્વક તેમનાં મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ભારતના ચૂંટણીપંચે લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૪ની જાહેરાત કરી ત્યારથી અત્યાર સુધીમાં કુલ ૧,૪૪,૬૩૩ વ્યક્તિઓ સામે સી.આર.પી.સી. એક્ટ હેઠળ અટકાયતી પગલાં લેવામાં આવ્યા છે. જે પૈકી અમદાવાદ જિલ્લામાં સૌથી વધારે ૧૪,૧૪૪ વ્યક્તિઓ સામે અટકાયતી પગલાં ભરવામાં આવ્યા છે, એમ યાદીમાં વધુમાં જણાવાયું છે.

ચૂંટણીની જાહેરાત થયા બાદ રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૪૧,૫૨૪ વ્યક્તિઓને બિન જામીનપાત્ર વોરંટની બજવણી કરવામાં આવી છે. જે પૈકી અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ ૫,૨૪૩ વ્યક્તિઓને બિનજામીનપાત્ર વોરંટ બજાવવામાં આવ્યા છે. જ્યારે ડાંગ જિલ્લામાં સૌથી ઓછા ૨૯ વ્યક્તિઓને બિનજામીનપાત્ર વોરંટ બજવવામાં આવ્યા છે.

સમગ્ર રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૦,૧૯,૭૬૫ જેટલી વિદેશી દારૂની બોટલ અને ૧,૫૫,૮૬૨ લીટર જેટલો દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો છે. જે પૈકી સૌથી વધુ અરવલ્લી જિલ્લામાંથી ૨,૭૬,૫૫૨ વિદેશી દારૂની બોટલ જપ્ત કરવામાં આવી છે. જ્યારે સૌથી ઓછી અમરેલી જિલ્લામાં ૧૯૨ વિદેશી દારૂની બોટલ જપ્ત કરવામાં આવી છે. સૌથી વધુ ૨૮,૩૮૯ લીટર જૂનાગઢ જિલ્લામાંથી અને સૌથી ઓછો ડાંગ જિલ્લામાંથી ૨૦૧ લીટર દેશી દારૂ જપ્ત કરાયો છે.

## દેશમાં ૧૦૦ સ્થાનો પર મોદીની આજે થ્રીડી સભા

અમદાવાદ, તા.૧૬

ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને રાષ્ટ્રની આશાનું કિરણ એવી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલ ૧૭, એપ્રિલના રોજ દેશના ૧૦૦ સ્થાનો પર થ્રીડી સભા સંબોધશે. દેશમાં ભ્રષ્ટાચાર અને મોંઘવારીનો પર્યાય બનેલા કોંગ્રેસને હાંકી કાઢવા લગલગાટ જનસભાઓ સંબોધતા નરેન્દ્ર મોદી આધુનિક પ્રચાર ટેકનોલોજીના માધ્યમ થકી કોંગ્રેસમુક્ત ભારતની હાકલને જન જન સુધી પહોંચાડશે, અને લાખ્કો દેશવાસીઓને થ્રીડી સબા થકી સંબોધશે. ભાજપના પ્રદેશ પ્રવક્તા આઈ.કે. જાડેજાએ થ્રીડી સભાની માહિતી આપતા જણાવ્યું છે કે, ગુજરાતમાં ૧૭, એપ્રિલના રોજ સાંજે ૬ થી ૮ના સમય દરમ્યાન ગુજરાતના ૧૨ લોકસભા મતક્ષેત્રમાં નિર્દેશ કરેલા સ્થાન પર આ સભાઓ યોજાશે. આ અગાઉ ૧૧ એપ્રિલના રોજ ૯ સ્થાનો પર અને ૧૪ એપ્રિલના રોજ ૮ સ્થાનો પર થ્રીડી સભા યોજાઈ હતી.

| બેઠકનું નામ | થ્રીડી સભાનું સ્થળ |
|---|---|
| કચ્છ | દેના બેંક ચોક, રાપર, કચ્છ |
| જુનાગઢ | ગૌશાળા, ગ્રાઉન્ડ, વિસાવદર |
| અમરેલી | ચાવંડ ગેટ, લાઠી, અમરેલી |
| સાબરકાંઠા | અપના સિનેમા ગ્રાઉન્ડ પાસે, હિંમતનગર |
| મહેસાણા | નગરપાલિકા ગ્રાઉન્ડ પાસે, કડી |
| બનાસકાંઠા | વિનાયક સ્કુલ પાસે, ધાનેરા |
| ખેડા | એસ.એમ. પરીખ કોમર્સ કોલેજ ગ્રાઉન્ડ, કપડવંજ |
| છોડાઉદેપુર | મુ. જાબુગામ, બ્લોક બોડેલી, છોટાઉદેપુર |
| વલસાડ | પ્રતાબબા પાર્ક, હાથિખાના, ધરમપુર |
| દાહોદ | પ્રતાપપુરા ગ્રાઉન્ડ, સંતરામપુર |
| બારડોલી | સેન્ટ્રલ બસ સ્ટેન્ડ પાસે, ગૌરવપથ, માંડવી |
| નવસારી | મુ. સારીબુજરંગ, બ્લોક ગણદેવી, જી. નવસારી |

## રાજ્યમાં યુવા મતદારોની સંખ્યા ૫૩ ટકા

ગાંધીનગર, તા.૧૬

રાજયમાં ૪,૦૫,૭૮,૫૭૭ મતદારો નોંધાયા છે જેમાં ૫૩ ટકા મતદારો યુવા મતદારો છે. રાજયમાં મતદાર યાદીને આખરી કરવામાં આવ્યા બાદ અંદાજે ચાર કરોડ પાંચ લાખ ૭૮ હજાર ૫૭૭ મતદારો નોંધાયા છે.જેમાં ૧૮ થી ૧૯ વર્ષની વયના અંદાજે ૧૧,૬૭,૯૯૮ મતદારો નોંધાયા છે જયારે ૨૦ થી ૨૯ વર્ષના ૧,૦૩,૧૬,૨૫૩ અને ૩૦ થી ૩૯ વર્ષની વયના ૧,૦૨,૨૧,૯૮૪ મતદારો છે. આમ કુલ મતદારો પૈકીના ૫૩ ટકા યુવા મતદારો છે.

રાજયમાં વય વાર મતદારોની સંખ્યા આ પ્રમાણે છે.

| વય | મતદાર સંખ્યા |
|---|---|
| ૧૮ થી ૧૯ વર્ષ | ૧૧,૬૭,૯૯૪ |
| ૨૦ થી ૨૯ વર્ષ | ૧,૦૩,૧૬,૨૫૩ |
| ૩૦ થી ૩૯ વર્ષ | ૧,૦૨,૦૧,૯૮૪ |
| ૪૦ થી ૪૯ વર્ષ | ૭૯,૩૮,૧૫૨ |
| ૫૦ થી ૫૯ વર્ષ | ૫૬,૧૬,૬૦૯ |
| ૬૦ થી ૬૯ વર્ષ | ૩૨,૨૪,૩૮૭ |
| ૭૦ થી ૭૯ વર્ષ | ૧૬,૦૬,૧૫૩ |
| ૮૦ થી વધુ | ૫,૦૭,૦૪૫ |

# રાજ્યમાં ૪૫૩૮૦ મતદાન મથકો

### સૌથી વધુ ૫૦૬૫ મતદાન મથકો અમદાવાદ જિલ્લામાં સૌથી ઓછા ૩૨૦ મતદાન મથકો ડાંગ જિલ્લામાં

ગાંધીનગર, તા. ૧૬

મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી અનિતા કરવલે જણાવ્યું છે કે, આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૪ અને વિધાનસભા પેટા ચૂંટણી માટે ગુજરાતમાં કુલ ૪૫૩૮૦ મતદાન મથકો ઉપર મતદાન યોજાશે. જે પૈકી સૌથી વધુ ૫૦૬૫ મતદાન મથકો અમદાવાદ જિલ્લામાં છે. જયારે સૌથી ઓછા મતદાન મથકો ૩૨૦ ડાંગ જિલ્લામાં છે.


જિલ્લાવાર મતદાન મથકોની વિગતો આપતાં શ્રીમતી કરવલે કહ્યું કે, કચ્છ જિલ્લામાં ૧૫૮૪, બનાસકાંઠા જિલ્લામાં ૨૩૧૭, પાટણમાં ૧૦૪૫, મહેસાણા જિલ્લામાં ૧૬૧૫, સાબરકાંઠા જિલ્લામાં ૧૧૮૩, અરવલ્લી જિલ્લામાં ૯૬૩, ગાંધીનગર જિલ્લામાં ૧૧૬૨, અમદાવાદ જિલ્લામાં ૫૦૬૫, સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૩૦૩, મોરબી જિલ્લામાં ૭૬૬, રાજકોટ જિલ્લામાં ૧૯૧૨, જામનગર જિલ્લામાં ૧૧૧૫, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૫૫૦, પોરબંદર જિલ્લામાં ૪૨૩, જૂનાગઢ જિલ્લામાં ૧૨૬૮, ગીર-સોમનાથ જિલ્લામાં ૯૩૬, અમરેલી જિલ્લામાં ૧૨૭૯, ભાવનગર જિલ્લામાં ૧૬૨૦, બોટાદ જિલ્લામાં ૫૧૫, આણંદ જિલ્લામાં ૧૫૭૭, ખેડા જિલ્લામાં ૧૪૯૩, મહિસાગર જિલ્લામાં ૮૬૪, પંચમહાલ જિલ્લામાં ૧૨૯૯, દાહોદ જિલ્લામાં ૧૪૦૪, વડોદરા જિલ્લામાં ૨૨૭૬, છોટા ઉદેપુર જિલ્લામાં ૯૩૭, નર્મદા જિલ્લામાં ૫૬૧ તેમજ ભરૂચ જિલ્લામાં ૧૨૨૬ મતદાન મથકોનો સમાવેશ થાય છે. મતદાન મથક સ્થળ (પોલીંગ સ્ટેશન લોકેશન) વિશે જણાવતાં મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીએ કહ્યું કે, ગુજરાત રાજયમાં ૨૭૩૬૭ મતદાન મથક સ્થળો આવેલા છે. ભારતના ચૂંટણી પંચના માર્ગદર્શન અનુસાર મતદારો તેમના મતનો ઉપયોગ સરળતાથી કરી શકે તે માટે બે કિલોમીટર વિસ્તારમાં મતદાન મથક ઉપલબ્ધ બને એ માટે ગુજરાતના ચૂંટણી તંત્ર દ્વારા સુયોગ્ય વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે એમ તેમણે ઉમેર્યુ હતું.

## મોદી સરકારના કારનામાથી પ્રજા વાકેફ થઈ ચુકી : કોંગ્રેસ

અમદાવાદ, તા.૧૬

આગામી લોકસભાની ચૂંટણીના ઝંઝાવતી પ્રચારનો દોર આગળ વધારતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ આજે વિજાપુર ખાતે એક જાહેર સભાને સંબોધી હતી. ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ ખેડૂતો તેમજ મહિલાઓ સહિતની વિશાળ જનમેદનીને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતની પ્રજા હવે જ્યારે ભાજપની સરકારના કારનામાઓથી સારી રીતે વાકેફ થઈ ગઈ છે ત્યારે મુખ્યમંત્રી દ્વારા પ્રાયોજીત કાર્યક્રમો આધારે પ્રજાને વધુ એક વખત ભરમાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જો કે, હવે ગુજરાતની પ્રજા તેમની આવી કોઈ ભ્રામક વાતોમાં આવવાની નથી અને પૈસાના જોરે કરવામાં આવતા આવા અપપ્રચાર તેમજ પ્રાયોજીત ઓપિનિયન પોલને ખોટા પાડીને કોંગ્રેસ પ્રત્યે તેનું જોરદાર સમર્થન વ્યક્ત કરશે. ભારતીય જનતા પક્ષે ખરેખર પ્રજાના કોઈ કાર્યો કર્યા નથી, માત્ર ગણ્યા ગાઢ્યા ઉદ્યોગપતિઓની જ તરફધારી કરવા માટે સત્તાનો બેફામ દુરુપયોગ કર્યો છે. ગુજરાતની પ્રજા ભાજપના આ સાચા ચહેરાને ઓળખી ગઈ છે અને હવે ગુજરાતની પ્રજાને તેમજ સમગ્ર દેશની પ્રજાને ભ્રમિત કરવા માટે માત્રને માત્ર નાણાંના જોરે વિવિધ રીતે છવાઈ જવાના હતાશા ભર્યા પ્રયાસો ભાજપ દ્વારા કવરામાં આવી રહ્યા છે. એટલું જ નહીં પરંતુ સમગ્ર પક્ષને બદલે માત્ર એક જ વ્યક્તિલક્ષી પ્રચાર જે રીતે કરવામાં આવી રહ્યો છે તે જ બતાવે છે કે, ભારતીય જનતા પક્ષ દેશને કઈ દિશામાં લઈ જશે. વિજાપુર અને તેમી આજુબાજુના ગામડાના પ્રજાજનો છેલ્લા ૧૦ વર્ષથી તેમને જે હાલાકી ભોગવવી પડે છે તે સારી રીતે જાણે છે તેમજ તેના માટે કોણ જવાબદાર છે તે પણ તેઓ જાણે છે.

## શબ્દાવલી - ૫૩૬૯



### આડી ચાવી

૧. કટોકટીનો સમય, કામકાજની પરિસ્થિતિ (૩)
૪. પ્રાંતના હાકેમ, મુસ્લિમ રાજા (૨)
૭. હોમવર્ક, ઘરકામ (૩)
૮. ધરતી, પૃથ્વી (૪)
૯. તુકારામનું એક ટૂંકુ નામ(૪)
૧૦. પોલીસનો ડ્રેસ (૩)
૧૨. જેમતેમ, આસ્તે આસ્તે(૬)
૧૭. સુગંષ સુવાસ (૪)
૧૮. ભગવાન, અલ્લાહ (૨)
૧૯. કુવામાંથી પાણી કાઢવાનો ચામડાનો કોથળો (૨)
૨૦. ગરવાપણું (૪)
૨૧. પાણી ભરવાનો આરો, જળાશય (૪)

### ઊભી ચાવી

૧. ખુબ માલદાર, પૈસાદાર(૫)
૨. માણસ, ખુશામત (૩)
૩. એક જાતનું કાપડ, જમીન પર ઉગાડવામાં આવતું ઘાસ(૨)
૪. સારી કન્યાને સુકન્યા કહેવાય પણ સારા વરને ... ના કહેવાય(૩)
૫. દૂધની એક વાનગી (૩)
૬. રીસેશ, આરામ (૩)
૧૧. સુગંધ, સુવાસ (૩)
૧૩. ગપ્પા મારવા, વાતચીત(૪)
૧૪. જમીન, ધરતી (૨)
૧૫. પાણી પીતા થતો અવાજ(૪)
૧૬. વળાવવું, મોકલવું (૩)
૧૮. બરબાદ, ફના થવું (૩)

### શબ્દાવલી ૫૩૬૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) અપમાન (૫) પૈમાના (૭) લખપતી (૮) બેવા (૯) જોખમ (૧૧) લાજ (૧૨) વાડી (૧૩) અબરખ (૧૫) નરાધમ (૧૮) જાવુ (૧૯) ધિક્કાર (૨૦) મોકા (૨૧) તકદીર

**ઊભી ચાવી :-** (૧) અલબેલાપન (૨) પખવાજ (૩) માપ (૪) નતીજો (૫) પૈગામ (૬) નાડાછડી (૧૦) ખરાબ (૧૨) વાખવુ (૧૩) અમરત (૧૪) રજામંદી (૧૬) રાધિકા (૧૭) ધક્કા

## શાળાઓમાં યુનિફોર્મ તેમજ સ્ટેશનરીનાં ભાવમાં વધારો

ગાંધીનગર, તા.૧૬

મોંઘવારીનો માર અન્ય વસ્તુઓની સાથે સાથે શિ૭ણ ઉફર પણ પડી રહ્યો છે. તેવી સ્થિતિમાં શાળાકીય શિક્ષણ અત્યારે ગ્રેજ્યુએશન કે પોસ્ટ ગ્રેજ્યુએશન કરતા પણ વધુ મોંઘુ બન્યું છે. કારણ કે રાજ્યભરમાં આવેલ ખાનગી શાળાઓના નિયમ મુજબ જેતે શાળામાં ભણતા વિદ્યાર્થીઓએ યુનિફોર્મ, બુટ-મોજા, સ્ટેશનરી, આઈકાર્ડ તેમજ પુસ્તકોની ખરીદી સ્કુલમાંથી જ કરવાનું ફરજીયાત બનાવ્યું છે, ત્યારે આ ખાનગી શાળાઓ દ્વારા આગામી શૈક્ષણિક સત્રમાં ૧૦થી ૧૫ ટકા ફી વધારાની સાથે સાથે સ્ટેશનરી અને યુનિફોર્મ સહિતની તમામ વસ્તુઓ ઉપર પણ ૧૦ થી ૧૫ ટકાનો વધારો વસુલવાનું નક્કી કરાયું છે.

રાજ્યમાં બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થઈ ચુકી છે. અને હવે પ્રાથમિક માધ્યમિક શાળાઓમાં પરીક્ષાઓ ચાલી રહી છે ત્યારે પહેલાથી જ મોટાબાગની શાળાઓએ આગામી સત્રથી ૧૦ તી ૧૫ ટકાનો ફી વધારો કરવાની જાહેરાત કરી દીધી છે.

હજી આ ફી વધારાનાં મારને વાલીઓ માંડ પચાવી રહ્યા છે ત્યારે વાલીઓએ હવે આગામી સત્રથી ફી વધારાની સાથે સાથે શાળાઓમાં યુનિફોર્મ, સ્ટેશનરી વગેરે ચીજવસ્તુઓના ભાવમાં પણ ૧૦ થી ૧૫ ટકાના વધારા માટે તૈયાર રહેવું પડશે. જેના કારણે વાલીઓની હાલત કફોડી બની જાય તેમ છે. તેમાંય કેટલીય શાળાઓ જુદી જુદી સુવિધાઓનાં બહાને વાલીઓના ખિસ્સા હળવા કરવા પ્રયત્ન કરતી હોય છે. કેટલીક શાળાઓમાં દર બે વર્ષે યુનિફોર્મ બદલવામાં આવે છે, જેના કારણે વાલીઓને નવા યુનિફોર્મની ખરીદીનો પણ માર સહન કરવો પડે છે.

## ગરમીનો પારો વધ્યો : લોકોની નજર હવે દક્ષિણ ભારત પર

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ સહિત રાજ્યભરમાં કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ચુકી છે. લોકો હવે ગરમીના કારણે ભારે પરેશાન થઈચુક્યા છે. ગરમીના પરિણામસ્વરુપે લોકો જુદી જુદી જગ્યાએ ફરવા જવાની તૈયારી કરી ચુક્યા છે. ઉત્તર પશ્ચિમી પવનોના પરિણામ સ્વરુપે ગરમીમાં વધારો થઈ રહ્યો છે. આજે ઘણી જગ્યાએ પારો ૪૦થી ઉપર પહોંચ્યો હતો જેમાં અમદાવાદ, ડિસા, ગાંધીનગર, ઈડર, રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગર, ભુજનો સમાવેશ થાય છે. ઈડરમાં ૪૧.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હિટવેવની કોઈ ચેતવણી જારી થઈ નથી. પ્રાપ્ત અહેવાલ મુજબ સામાન્ય રીતે પ્રવાસીઓ ખાસ કરીને ગુજરાતીઓ ઉનાળાના વેકેશનમાં ઉત્તર ભારત અને હિલ સ્ટેશન પર વધારે જવાનું પસંદ કરે છે, પરંતુ આ વર્ષે પ્રવાસીઓની નજર ઉત્તર ભારતને બદલે દક્ષિણ ભારત પર પડી છે, તે લોકોનો ફરવાની જગ્યાનો પણ કેન્દ્ર બદલાયો છે. લોકસભાની ચૂંટણીના લીધે એમ પણ પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે, પરંતુ ઉત્તર ભારતની ટ્રેનોની ટિકીટોનું બુકીંગ ફુલ થઈ જવાના લીધે ગુજરાતીઓએ દક્ષિણ ભારત ફરવા જવાનું પસંદ કર્યું છે.

## ૧૨૧ બેઠકો માટે મતદાન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પાંચ ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ પણ મેદાનમાં છે. તમામની નજર બેંગ્લોર સાઉથની બેઠક ઉપર રહેશે જ્યાં કોંગ્રેસના નંદન નિલકાની, ભાજપના પાંચ વખતના સાંસદ અનંતકુમાર સામે ટક્કર લેશે. મેનકા ગાંધી પણ ચૂંટણી મેદાનમાં છે. રાજસ્થાનમાં ૨૦ બેઠક માટે પ્રથમ તબક્કામાં મતદાન યોજાનાર છે. ૩.૮૦ કરોડ જેટલા મતદારો પ્રથમ તબક્કામાં ૨૩૯ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરશે. રાજસ્થાનમાં ૩૮૮૩૫ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા છે. રાજસ્થાનમાં બાકીની પાંચ બેઠક માટે ૨૪મી એપ્રિલે મતદાન યોજાશે. ઉત્તરપ્રદેશમાં ૧૧ લોકસભા બેઠક માટે મતદાન યોજાશે. અહીં ૧.૮ કરોડ મતદારો ૧૫૧ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરશે. મધ્યપ્રદેશમાં કુલ ૧૪૨ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થનાર છે અહીં કુલ ૧૬૭૧૨૮૦૮ મતદારો છે. મહારાષ્ટ્રમાં ૩૫૮ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા ૩.૨૫ કરોડ મતદારો છે. અહીં ભૂતપૂર્વ મુખ્યમંત્રી અશોક ચવાણ, ભાજપના નેતા ગોપીનાથ મુંડે, સુશીલકુમાર શિંદે મેદાનમાં છે. અહીં ૩૫૮ ઉમેદવારો છે. બિહારમાં સાત બેઠકો માટે મતદાન યોજાનાર છે. બિહારમાં ૧૧૭ ઉમેદવારો છે જેમાં શત્રુઘ્નસિંહાનો સમાવેશ થાય છે. ઝારખંડમાં છ બેઠક છે. જેમાં ૧૦૬ ઉમેદવાર મેદાનમાં છે. અહીં કાર્યામુંડા ચૂંટણી મેદાનમાં છે. ઓરિસ્સામાં ૧૧ લોકસભા અને ૭૭ વિધાનસભા બેઠક માટે મતદાન યોજાનાર છે. લોકસભાની ચૂંટણીમાં ૯૮ ઉમેદવારો છે. જ્યારે વિધાનસભાની ચૂંટણીમાં ૭૪૭ ઉમેદવાર છે. બંગાળમાં ૪૭ ઉમેદવારો ચાર બેઠક માટે મેદાનમાં છે. છત્તીસગઢ, ગોવા, જમ્મુ કાશ્મીરમાં ક્રમશઃ ૩, ૨ અને ૧ બેઠક પર ચૂંટણી યોજાશે. મતદાનને લઈને ચૂંટણી પંચ અને વહીવટીતંત્ર દ્વારા તમામ પગલા લેવામાં આવ્યા છે. આવતીકાલે યોજાનાર મતદાનના ભાગરૂપે જે રાજ્યોમાં મતદાન યોજાનાર છે તેમાં બિહારમાં સાત, છત્તિસગઢમાં ત્રણ, કર્ણાટકમાં ૨૮, મધ્યપ્રદેશમાં ૧૦, મહારાષ્ટ્રમાં ૧૯, ઓરિસ્સામાં ૧૧, રાજસ્થાનમાં ૨૦ અને ઉત્તરપ્રદેશમાં ૧૧ બેઠકો પર મતદાન યોજાનાર છે. આની તમામ તૈયારી છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહી હતી. ચૂંટણી દરમિયાન કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તમામ પગલા લેવામાં આવ્યા છે. કુલ ૧૨૧ બેઠકો પર મતદાન યોજાનાર હતા. આવતીકાલે યોજાનાર મતદાનને લિને મતદારો પણ ખુબ ઉત્સુક છે.

મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઉત્સુક દેખાઈ રહ્યા હતા. અનેક મોટા મોથાના ભાવિનો પણ ફેંસલો થનાર છે. હજુ સુધી મતદાન શાંતિપૂર્ણ રહેતા કોઈ અડચણ આવી નથી. આવતીકાલે પાંચમા તબક્કામાં કેટલાક મતદાનમથકોન સંવેદનશીલ અને કેટલાકને અતિ સંવેદનશીલ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. જેને લિને ત્યાં વધારે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રાજસ્થાનમાં તાજેતરમાં વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના સુપડા સાફ થઈ ગયા હતા. હવે લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસે તેની પ્રતિષ્ઠા સુધારવા માટેના પ્રયાસો જારી રાખ્યા છે. જો કે દેશના કેટલાક ભાગોમાં નરેન્દ્ર મોદી લહેર હોવાના કારણે તેની હાલત કફોડી થઈ શકે છે. ઉત્તરપ્રદેશમાં ૧૧ બેઠકોની ચૂંટણી પર તમામની નજર રહેશે.

## ખર્ચ અંગેની નોટીસ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પંચ દ્વારા ઉમેદવારોના ખર્ચની મર્યાદા વધારીને રૂ. ૭૦ લાખ કરી છે. પંચે આ વખતે ખર્ચ વ્યવસ્થાપન ને લઈ આકરા થવાના સંકેતો અગાઉથી જ આપી દીધા હતા.

આજે પંચના નિરીક્ષકો સમક્ષ પ્રથમ તબક્કાના હિસાબો રજુ કરવાના હતા. સવારે ૧૦ વાગ્યાથી નિરીક્ષકોએ આ અંગેની કામગીરી હાથ ધરી હતી. સાંજે નિરીક્ષકોએ ચકાસણીને અંતે ચાર ઉમેદવારોને નોટીસ ફટકારતાં જિલ્લાના રાજકીય આગેવાનો અને રાજકીય વર્તુળોમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

પંચના નિરીક્ષકો સમક્ષ હવે ૨૨મી એપ્રિલે બીજી વાર હિસાબો રજુ કરવાના છે.

પંચે આજે આપેલ નોટીસનો જો સંતોષકારક ખુલાસો આપવામાં નહિ આવે તો પંચ દ્વારા લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ અંતર્ગત કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પંચે આ વખતે ચૂંટણી ખર્ચના હિસાબો વેબસાઈટ પર મુકવાની જાહેરાત પણ કરી છે.

ગાંધીનગરને આર્થિક રીતે સંવેદનશીલ સંસદીય મત વિસ્તાર ગણી પંચે બે ખર્ચ નિરીક્ષકોની નિમણુંક કરી છે જે ઉલ્લેખનીય છે. આજે આખો દિવસ આ હિસાબોની ચકાસણી અંગેની કાર્યવાહી ચાલી હતી. મોડી સાંજે આ નોટીસોની બજવણી કરી દેવામાં આવી હતી તેમજ ચૂંટણી અધિકારીના નોટીસ બોર્ડ પર પણ ચિપકાવી દેવામાં આવી છે.

**શિક્ષકો જોઈએ છે**
P.T.C/B.Sc., B.Ed.
ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી
ધોરણ- ૬ થી ૮ માટે
રૂબરૂ મળો :
તા. ૧૮/૪/૧૪, શુક્રવાર
**શ્રી જયપ્રકાશ વિદ્યાલય**
સેક્ટર-૨૬, ગાંધીનગર.
મો. ૯૪૨૬૬ ૪૮૪૫૮